of3

સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષના અંદાજપત્રમાંથી ડીસેમ્બર-૨૦૧૫ અને જાન્યુઆરી-૨૦૧૬ના માસ માટેની આયોજન હેઠળની ગ્રાન્ટ ફાળવવા બાબત......

માંગણી ક્રમાંક: ૯૬ (આદિજાતિ વિકાસ વિભાગ) (આયોજન હેઠળ)

---

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૫/૨૦૮/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૨૫-૧-૨૦૧૫૬

વંચાણે લીધા –

(૧) આદિજાતિ વિકાસ વિભાગના ઓનલાઈન ઠરાવ ક્રમાંક:-બીયુડી/૧૦૨૦૧૫/સ્ટેટ/૯૬/૧૫૦ તા.૧/૧૨/૨૦૧૫

(૨) આદિજાતિ વિકાસ વિભાગના ઓનલાઈન ઠરાવ ક્રમાંક:-બીયુડી/૧૦૨૦૧૫/સ્ટેટ/૯૬/૧૬૪ તા.૨૩/૧૨/૨૦૧૫

યાદી : -

આમુખમાં ઉપર દર્શાવેલા આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ઠરાવ (૧) થી સને ૨૦૧૫-૧૬ના વર્ષના અંદાજપત્રમાંથી આયોજન હેઠળ ડીસેમ્બર-૨૦૧૫ ના માસ માટે રૂ.૨૪.૮૩૬૬ કરોડ ( અંકે રૂપિયા ચોવીસ કરોડ ત્યાસી લાખ છાસઠ હજાર પુરા) તેમજ વંચાણે લીધા ઠરાવ (૨) થી જાન્યુઆરી-૨૦૧૬ના માસ માટે રાજ્ય પુરસ્કૃત યોજના હેઠળ રૂ.૨૪૯૧.૬૭ લાખની (અંકે રૂપિયા ચોવીસ કરોડ એકાણું લાખ અને સડસઠ હજાર પુરા) ગ્રાન્ટ પાણી પુરવઠા પ્રભાગના હવાલે મુકવામાં આવેલ છે. માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર – ૪૨૧૫ માં આયોજન હેઠળ ડીસેમ્બર-૨૦૧૫ ના માસ માટે રૂ.૨૪.૮૩૬૬ કરોડ ( અંકે રૂપિયા ચોવીસ કરોડ ત્યાસી લાખ છાસઠ હજાર પુરા) તેમજ જાન્યુઆરી-૨૦૧૬ના માસ માટે રૂ.૨૪.૯૧૬૭ કરોડ ની (અંકે રૂપિયા ચૌવીસ કરોડ એકાણું લાખ અને સડસઠ હજાર પુરા)ની ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ ખર્ચ કરવા ફાળવવા ખાસ ફરજ પરના અધિકારીશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

( રૂપિયા કરોડમાં )

| અ.નું | વિગતવાર સદર | | ડીસેમ્બર-૨૦૧૫ અને જાન્યુઆરી - ૨૦૧૬ ના માસ માટે<br>આયોજન હેઠળ | રકમ શબ્દોમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક - ૯૬ (આયોજન હેઠળ) | | | |
| ૧ | મુખ્ય સદર - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ | ૨૪.૮૩૬૬( ડીસે.-૨૦૧૫ માસ માટે) +૨૪.૯૧૬૭ (જાન્યુ-૨૦૧૬ માસમાટે)=૪૯.૭૫૩૩ | અંકે રૂપિયા ઓગણ પચ્ચાસ કરોડ પંચોતેર લાખ ત્રૈતીસ હજાર પુરા |
| | પેટા મુખ્ય સદર - | ૦૧ પાણી પુરવઠો | | |
| | ગૌણ સદર - | ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | |
| | પેટા સદર - | ૦૧ ડબ્લ્યુ.એસ.એસ.-૪૭ ગ્રામીણ પાણી પુરવઠાની સરકારી યોજનાઓ (પીવાનું પાણી) | | |
| | વિગતવાર સદર - | ૦૦ | | |
| | હેતુ સદર - | ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ | | |
| | હેડ ચાર્જેબલ – | ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૧ | | |
| | સ્કીમ કોડ - | ૧૨૭૨૭૭ | | |
| | કુલ સરવાળો.... | | ૪૯.૭૫૩૩ | |

શરતો :-

1. સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
2. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૫-૧૬ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે.
3. આ યોજનાના ખર્ચ/બચત અંગે ઉપસ્થિત થનાર એ.જી.ના ઓડીટપારા અન્વયેના ખુલાસાઓ પણ પાણી પુરવઠા વિભાગને કરવાના રહેશે.

4. ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારી/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપસચિવશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
8. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ) ના તા.૧-૧૨-૨૦૧૫ના અને તા.૨૩-૧૨-૨૦૧૫ ના ઠરાવમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.જી.ચાવડા )
સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. ખાસ ફરજ પરના અધિકારીશ્રી નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૩. નાણા નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૪. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

<u>નકલ રવાના</u>

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
૪. ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
૫. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.( બીલ દીઠ- ૨ કોપી )
૬ .સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ
૬. નાયબ સેક્શન અધિકારી.
૭. પસંદગી ફાઈલ.